અપીલ અરજી નં.૫૫/૦૮–૦૯ તા. ૧૦–૬–૦૮

અરજદારઃ શ્રી સૈયદ સાબીર અલી
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી

## હુકમઃ–

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સૈયદ સાબીર અલી ની તા.૨૩–૪–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કુલ કેટલી આંગણવાડીઓ કયાં કયાં ચાલે છે સંપૂર્ણ એડ્રેસ, વોર્ડ નંબર,સર્વે નંબર, મકાન નંબર,સહિતની માહિતી અને મુદ્દા નં.૨ તેના ભાડા અંગેની માહિતી અને તે અંગે થયેલા કરારો પરિપત્રો હુકમો ભાડા રસીદ અને પરવાનગી વિગેરેની માહિતી આપવા બાબત.

સંદર્ભેઃ– અરજદાર મજકુરની તા.૧૦–૬–૦૮ ની અપીલ અરજી નં.૫૫/૦૮–૦૯

શ્રી સૈયદ સાબીર અલી ની તા.૨૩–૪–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૨ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં કુલ કેટલી આંગણવાડીઓ કયાં કયાં ચાલે છે સંપૂર્ણ એડ્રેસ, વોર્ડ નંબર,સર્વે નંબર, મકાન નંબર,સહિતની માહિતી અને મુદ્દા નં.૨ તેના ભાડા અંગેની માહિતી અને તે અંગે થયેલા કરારો પરિપત્રો હુકમો ભાડા રસીદ અને પરવાનગી વિગેરેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.આઈ.સી.ડી.એસ./એસ.એમ.સી./૧૧૬ અર્બન આઈ.સી.ડી.એસ.: પ્રોજેકટ નં.૧ તા.૨૯–૫–૦૮ થી માહિતી આપવામાં આવેલ. જેમાં આંગણવાડી નંબર ૬ અને ૭ ની માંગેલ માહિતી આપેલ નથી તે બાબતે નારાજ થઈ તા.૧૦–૬–૦૮ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો માહિતીના વિલંબ તથા ઈન્કાર અંગેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૬ તા.૧૨–૬–૦૮ ના રોજ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને નં.આઈ.સી.ડી.એસ./એસએમસી/૧૬૨ તા.૨૦–૬–૦૮ થી માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૩–૪–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને નં. .આઈ.સી.ડી.એસ. /એસએમસી/૧૧૬ તા.૨૯–૫–૦૮ પૂરી પાડેલ છે. જયારે વોર્ડ નં.૭ ની આંગણવાડીની માહિતી પૂરી પાડવામાં આવેલ ન હતી જેના કારણે અરજદારે અપીલ અરજીમાં આંગણવાડી નં.૬ અને ૭ની બાબતે માહિતી માંગવામાં આવેલ. જે અરજદારને પત્ર નં.આઈ.સી.ડી.એસ./એસએમસી/૧૬૨ તા.૨૦–૬–૦૮ના રોજ જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. હવે આ અરજી અંગે વિવાદનું કોઈ કારણ રહેતું ન હોવાથી અને અરજદારને માંગ્યા મુજબની માહિતી પૂરી પાડેલ હોઈ અરજી અંગે કંઈ કરવાનું રહેતું નથી અને અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (હે.અને હો.) અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨)શ્રી સૈયદ સાબીર અલી,